ભગવાન શ્રી કુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૫

ૐ

नमः सिद्धेभ्यः ।

શ્રી

# સમવસરણ-સ્તુતિ

(રચયિતાઃ શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ)
(બી. એસ. સી.)

અને

# કુંદકુંદ-સ્તવનાદિ સ્તુતિસંગ્રહ

★

: પ્રકાશકઃ
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

ભગવાન શ્રી કુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૫

ૐ

नमः सिद्धेभ्यः ।

શ્રી

# સમવસરણ-સ્તુતિ

(રચયિતાઃ શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ)
(બી.એસ. સી.)

અને

# કુંદકુંદ-સ્તવનાદિ સ્તુતિસંગ્રહ

★

: પ્રકાશકઃ
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

આઠમી આવૃત્તિ : પ્રત ૫૦૦૦
વિ.સં. ૨૦૫૪ • ઈ.સ. ૧૯૯૮

પ્રાપ્તિ સ્થાનઃ
**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

મૂલ્ય : રૂા. ૫-૦૦

સમવસરણ-સ્તુતિ (ગુજરાતી)ના
*** સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ***
સ્વ. દિલીપભાઈ મનસુખલાલ ઝોબાળિયા
હ : રંજનબેન તથા હેમલ, મુંબઈ

મુદ્રક :
**જીનલ ગ્રાફીક્સ**
અમદાવાદ.

ॐ

# શ્રી સમવસરણ સ્તુતિ

—o—

(અનુષ્ટુપ)

ધર્મકાળ અહો ! વર્તે, ધર્મક્ષેત્ર વિદેહમાં;
વીસ વીસ જહાં ગર્જે, ધોરી ધર્મપ્રવર્તકા.

(શાર્દૂલવિક્રીડિત)

જ્યાં ગર્જે જગનાથ એ પરિષદે રચના અલૌકિક છે,
દોવેના અધિવાસ-સ્વર્ગ થકીયે શોભા અધિકી દીસે;
દેવો-ધનપતિ-સ્હાયથી સુરપતિ રચના રચે રમ્ય એ,
પોતાથી જ બનેલ તે નિરખતાં આશ્ચર્ય પોતે લહે!

(અનુષ્ટુપ)

અચિંત્ય ભવ્ય ને દૈવી, રત્નોના આરસા સમું;
પ્રભુનું એ સમોસર્ણ, બાર યોજન વ્યાસનું.

(શાર્દૂલવિક્રીડિત)

ધૂલિસાલ વિશાળ, કંકણ સમો ઘેરે સમોસર્ણને,
દેવે વર્ણ વિવિધના રતનની રજથી રચ્યો જેહને,
રત્નોના બહુરંગના કિરણની જ્યોતિ અતિ વિસ્તરે,
આ શું મેઘધનુષ ભૂમિ ઊતર્યું સેવે જગત્તાતને !

(અનુષ્ટુપ)

ધૂલિસાલ મહીં આઘે ચાર છે માનસ્તંભ ત્યાં;
સ્વર્ણના ને અતિ ઊંચા, માનીના માન ગાળતા.

(સ્રગ્ધરા)

ચામરને છત્ર રાજે, ધ્વજ પણ ફરકે-ભવ્યને જે નિમંત્રે
ઘંટા વાજિંત્ર વાગે, સુરપતિકરથી ચૈત્યપ્રક્ષાલ થાયે;
ચોબાજુ ચાર વાપી, સ્ફટિક તટવતી, નિર્મળા નીરવાળી.
ક્યારે એ માનસ્તંભે લળી લળી પ્રણમું, ગર્વને સર્વ ગાળી?

(શિખરિણી)

ભૂમિ છે ત્યાં દૈવી, [1]જિનગૃહ તણી પાવન મહા,
ઘણાં મંદિરો જ્યાં, અતિશય મનોરમ્ય રચના;
મનુષ્યો દેવો ત્યાં પ્રભુભજનને નૃત્ય કરતાં,
અહો! ભક્તિભીનાં પ્રભુચરણમાં ચિત્ત ઢળતાં.

(અનુષ્ટુપ)

કંકણાકારની છે ત્યાં, [2]ખાતિકા જલધિ સમી;
તરંગો, જળપ્રાણીથી, દેવ-નાવોથી દીપતી.

---

૧ જિનમંદિર　૨ ખાઈ

(ઉપજાતિ)

મણિના કિનારા, અતિ સ્વચ્છ પાણી,
જળ શું દ્રવ્યાં આ શશિકાન્તમાંથી!
પ્રભુ પૂજવાની અતિ ભાવનાથી
શુ સુરગંગા ઊતરી ઊંચેથી?

(અનુષ્ટુપ)

ભૂમિ ભવ્ય લતાવનની, મ્હેકતી સુરભિવતી;
લતાઓ જ્યાં હસે સર્વે, ખીલેલાં સુમનો થકી.

(હરિગીત)

ત્યાં મંદ લહરે વિવિધરંગી પુષ્પરજ બહુ ઊડતી,
જે ઢાંકતી વન ગગનને સંધ્યા સમા રંગો થકી;
પર્વત ક્રીડાના દિવ્ય ને મંડપ લતાના ભવ્ય છે,
શીતળ શિલા શશિકાન્તની જ્યાં ઇંદ્ર વિશ્રાંતિ લહે.

(ઉપજાતિ)

ઋતુ ઋતુનાં ફૂલ ત્યાં ખીલ્યાં છે,
વાયુ સુગંધી બહુ વિસ્તરે છે,
સુવાસ શું એ વનનાં ફૂલોની,
કે શું સુકીર્તિ જિનના ગુણોની?

(અનુષ્ટુપ)

ત્યાં છે કોટિ અતિ ઊંચો, સ્વર્ણનો મણિએ જડ્યો;
સ્વર્ણના આભમાં જાણે, શોભે નક્ષત્રમંડળો.

૧ ચંદ્રકાન્તમણી

(શાર્દૂલવિક્રીડિત)

દેવો રક્ષક દ્વારના, કર વિષે આયુધ ધારી ઊભા,
મંગળ દ્રવ્ય સુરમ્ય ને નવનિધિ, સો તોરણો શોભતા,
દ્વારોની દ્વય બાજુએ સ્ફટિકની બે નાટ્યશાળા દીસે,
દૂરે બે ઘટ ધૂપના, ધૂમ થકી ઢાંકે અહો! આભને.

(હરિગીત)

એ નાટ્યશાળા ગાજતી વીણા મૃદંગ સુતાલથી,
ગાંધર્વ-કિન્નરી ગાનથી બહુ દેવદેવી સુનૃત્યથી;
દેવાંગના જયગાન કરતી, નાચતી, આનંદતી,
અભિનય કરી જિન-વિજયનો કુસુમાંજલિ જિન અર્પતી
- કુસુમાંજલિ પ્રભુ અર્પતી.

(શાર્દૂલવિક્રીડિત)

ચંપક, આમ્ર, અશોક આદિ વનની ભૂમિ મનોહારિણી,
વચ્ચે રમ્ય નદી, તળાવ, ભવનો, શી ચિત્રશાળા રૂડી!
કોકિલા ટહુકે મધુર હલકે, ફળફૂલ વૃક્ષો લચે,
જાણે અર્ઘ લઈ ઊભાં તરુવરો ધરવા ત્રિલોકેશને!

(તોટક)

બહુ વૃક્ષ વિશાળ મનોહરણાં,
રવિકિરણનો પથ રોકી રહ્યાં,
તરુતેજ ઝળોમળ છાઈ રહ્યાં,
નહિ દિવસ રાત જણાય તિહાં.

તહીં ચૈત્યતરુવર દિવ્ય મહા,
મૂળમાં પ્રતિમાજી વિરાજી રહ્યાં;
સુર ભક્તિની ધૂન મચાવી રહાયાં,
જયગાન થકી વન ગાજી રહ્યાં.

(અનુષ્ટુપ)

સ્વર્ણની મેખલા જેવી, શોભે ત્યાં વનવેદિકા;
જડેલી રત્નની છે ને, પછી છે ધ્વજભૂમિકા.

(વસંતતિલકા)

માળા-મયૂર-કમળાદિ સુચિહ્ન સાથે,
સુવર્ણસ્તંભ પર શી ધ્વજપંક્તિ રાજે!
ફરકાવતી વિજય એ જગનાથનો કે
બોલાવતી ત્રિજગને જિન પૂજવાને?

(અનુષ્ટુપ)

કાન્તિમાન, અતિ ઊંચો, કોટ ચાંદી તણો અહો!
દ્વારની દિવ્ય લક્ષ્મીથી, નાટ્યશાળાથી દીપતો.

(તોટક)

શી કલ્પતરુભૂમિ રમ્ય અહા!
નદી, વાવ, સભાગૃહ સ્વર્ગસમા;
દશવિધ અહો! તરુકલ્પ તળે,
નિજ સ્વર્ગ ભૂલી બહુ દેવ રમે.

માલાંગ તરુ બહુ માળ ધરે,
દીપાંગ તરુ પર દીપ બળે;
ફૂલ માળ અને દીપમાળ વડે,
વન પૂજી રહ્યું શું જિનેશ્વરને?
સિદ્ધાર્થ તરુ અતિ દિવ્ય દીસે,
મનવાંછિત જે ફળદાયક છે;
ત્રણ છત્ર રહે તરુરાજ પરે
ફરકે ધ્વજ, સુંદર ઘંટ બજે.
એ વૃક્ષ તળે સિદ્ધબિંબ રહે,
સુરલોક જહાં પ્રભુભક્તિ કરે;
કોઈ સ્તોત્ર ભણે, પ્રભુગુણ સ્મરે,
કોઈ નમ્રપણે ભગવાન નમે.
કોઈ ગાન કરે, કોઈ નૃત્ય કરે,
કોઈ શુદ્ધ જળે અભિષેક કરે;
કોઈ દીપ વડે, કોઈ ધૂપ વડે,
સુર પૂજી રહ્યાં પરમાતમને.

(અનુષ્ટુપ)

ગોપુરાદિથી શોભંતી સ્વર્ણ-વનવેદી પછી,
અહો! પ્રાસાદ સુંદર ને રત્નસ્તૂપ તણી ભૂમિ.

(ઉપજાતિ)

સુવર્ણ સ્તંભો મણિની દિવાલો,
ચંદ્રી સમા ઉજ્જવળ ચારુ હર્મ્યો;

દેવો રમે ત્યાં, કરતા સુવાર્તા,
નાચે, બજાવે, પ્રભુગાન ગાતા.

(હરિગીત)

છે સ્તૂપ બહુ ઊંચા મનોહર, પદ્મરાગ મણિ તણા,
અરિહંત ને સિદ્ધો તણાં બહુ બિંબથી શોભે ઘણા;
ત્યાં દેવ-માનવ ભાવભીના ચિત્તથી પૂજન કરે,
અભિષેક, નમન, પ્રદક્ષિણા કરી હર્ષ બહુ હૃદયે ધરે.

( અનુષ્ટુપ )

નભોસ્પર્શી, મનોહારી, અહો! કોટ સ્ફટિકનો,
પદ્મરાગ તણાં દ્વારો, મંગળ દ્રવ્યોથી દીપતો.
પછી રત્નદિવાલો ને રત્નસ્તંભ પરે અહો!
મંડપ રત્નતણો ઊંચો, એક યોજન વ્યાસનો.

(વસંતતિલકા)

શ્રી મંડપે ગણધરો મુનિ, અર્જિકા ને,
તિર્યંચ, સુરગણ, માનવની સભા છે,
અહિ-મોર ને મૃગ- હરિ નિજ વેર ભૂલે,
સૌ શાંત લીન થઈ અમૃતધાર ઝીલે.

(હરિગીત)

અતિ ઉચ્ચ એ મંડપ પરે સુરહસ્તથી પુષ્પો ખરે,
આ સ્ફટિકના નભમંડળે તારા શું નવનવલા ઊગે?
કિરણો રતનની ભીંતના, વારિ-તરંગ સમા દીસે,
શું જિન તણા ઉપદેશનો અમૃત-મહોદધિ ઊછળે?

(વસંતતિલકા)

વૈડૂર્યરત્ન તણી સુંદર પીઠ શોભે,
જ્યાં સોળ સીડી શુભમંગળદ્રવ્યરાજે,
છે ધર્મચક્ર અતિશોભિત યક્ષ માથે,
આરા સહસ્ર થકી બાળ દિનેશ લાજે.
એ પીઠ ઉપર સુવર્ણની પીઠ બીજી,
ફેલાવતી અતિ મનોહર પીત જ્યોતિ;
સુચિહ્ન આઠ ધ્વજ સુંદર ત્યાં ફરુકે.
જે સિદ્ધના ગુણ સમા અતિ સ્વચ્છ શોભે.
કાન્તિમતી વિવિધ રત્નની પીઠ ત્રીજી,
ફેલાવતી વિવિધ રંગની રમ્ય જ્યોતિ;
સુરહસ્તનાં સુમન, મંગળ દ્રવ્ય રાજે,
ચઉવિધ સુરગણ પીઠ પવિત્ર પૂજે.

(શાર્દૂલવિક્રીડિત)

શોભે ગંધકુટી સુગંધસ્ફુરતી, પુષ્પે ધૂપે મ્હેકતી,
માળા મોતીની ઝુલતી ગગનને રત્નદ્યુતિ રંગતી;
રત્નોમય શિખરો પરે મનહરા લાખ્ખો ધજા લ્હેરતી,
શોભાની અધિદેવતા! શું તુજમાં જગશ્રી મળી સામટી?

(વસંતતિલકા)

દિવ્યપ્રભામય સિંહાસન ત્યાં અનેરું,
સુવર્ણનું, બહુમૂલા મણિએ જડેલું;
દૈવી સહસ્ત્રદળ પંકજ લાલ સોહે,
જે પંકજે સુર-મનુજનું ચિત્ત મોહે,

(ઉપજાતિ)

ઊંચે ચતુરાંગુલ જિન રાજે.
ઇંદ્રો, નરેંદ્રો, મુનિરાજ પૂજે;
જેવું નિરાલંબન આત્મદ્રવ્ય,
તેવો નિરાલંબન જિનદેહ.

(હરિગીત)

ચામર ઢળે ચોસઠ પ્રભુને ક્ષીર-અમૃત-ઉજળાં,
શું ક્ષીરસમુદ્રતરંગ ને ગિરિનિર્ઝરો જિન સેવતા?
ત્રણ છત્ર શોભેજિનશિરે જિનકીર્તિની મૂર્તિ સમા,
મૌક્તિકપ્રભા થકી ચંદ્ર ને રત્નાંશુથી ભાસ્કર સમા.
યોજનવિશાળ અશોક તરુવર શોકતિમિર નિવારતું,
મણિસ્કંધ, મણિમય પત્ર ને મણિપુષ્પથી શું શોભતું!
શાખા અનેક ઝુલે અને અલિગણ મધુર ગુંજન કરે,
શું વૃક્ષ હસ્ત હલાવતું બહુ ભક્તિથી જિનને સ્તવે?

(તોટક)

[1]ચતુરાનનશોભિત જિન દીસે,
અશુચિ નહિ દિવ્ય શરીર વિષે;
નહિ રોગ, ક્ષુધા,ન જરા તનમાં
ન નિમેષ અહો! [2]નયનાંબુજમાં,
મણિપુંજ, સુધારસ, ચંદ્ર થકી
વધુ સુંદરતા જિન દેહ તણી;

---

૧. ચારમુખ ૨. નયનરૂપી કમળ.

અતિ સૌમ્ય પ્રસન્ન મુખાંબુજમાં
ભવિનેત્ર-અલિ બહુ લીન બન્યા.
જિનદેહદિવાકર તેજ વિષે,
સુરતારકવૃંદનું તેજ છુપે;
રવિબિંબપ્રભા થકી કાંતિ ઘણી
જિનભાસ્કર- [૧]ઓજસમંડળની.
સુર-દાનવ-મર્ત્યજનો નિરખે
સ્વભવાંતર સાત પ્રમોદ વડે-
જિનદેહપ્રભા અતિ પાવનમાં
-જગના બહુમંગળ દર્પણમાં.
ઘનગર્જનશી જિનવાણી ઝરે,
ભવિચિત્તમયૂર શું નૃત્ય કરે!
સુર-દુંદુભિવાદ્ય બજે નભમાં,
ફૂલવૃષ્ટિ થતી બહુ યોજનમાં.
અતિ કર્ણમધુર પ્રભુધ્વનિમાં,
ગણી વિસ્મિત થાય 'શી ગંભીરતા';
ધ્વનિઘોઘ વડે ભવિચિત્ત ભીંજે,
શુચિ જ્ઞાન સૂઝી ભવતાપ બુઝે.
ધ્વનિ દિવ્ય નિરક્ષર એક ભલે,
બહુરૂપ બને, જીવ સૌ સમજે;
જયમ મેઘ તણું જળ એક ભલે,
તરુભેદ વડે બહુ ભેદ લહે.

---

૧. ભામંડળ

જિનનાદ ઝીલી બહુ જ્ઞાની બને,
વ્રતધારી અને નિર્ગ્રંથ બને;
મુનિરાજ ગણી જિનવાણી વડે
સ્વ-અનુભવતાર અખંડ કરે.

(વસંતતિલકા)

અંકુર એક નથી મોહ તણો રહ્યો જ્યાં;
અજ્ઞાન-અંશ બળી ભસ્મરૂપે થયો જ્યાં;
આનંદ, જ્ઞાન, નિજ વીર્ય અનંત છે જ્યાં,
ત્યાં સ્થાન માગું-જિનના ચરણાંબુજોમાં.
જે આભમાં જગત આ પરમાણુતુલ્ય,
તે અંતહીન નભનું જહીં પૂર્ણ જ્ઞાન;
સૌ દ્રવ્યના યુગપદે ત્રણ કાળ જાણે,
તે નાથને નમન હો મુજ નમ્રભાવે.
દૈવી સમોસરણમાં નહિ રાગ કિંચિત્,
ધૂલિ મલિન પર જ્યાં નહિ દ્વેષ કિંચિત્;
ધૂલિ, સમોસરણ કેવળ જ્ઞેય જેમાં,
તે જ્ઞાનને નમન હો જિનજી! અમારાં.

(શિખરિણી)

ભલે સો ઈંદ્રોના, તુજ ચરણમાં શિર નમતા,
ભલે ઈંદ્રાણીના રતનમય સ્વસ્તિક બનતા;
નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા,
સ્વરૂપે ડૂબેલા, નમન તુજને, ઓ જિનવરા!

(વસંતતિલકા)

જગના અગાધ તિમિરે પ્રભુ! સૂર્ય તું છે,
આજ્ઞન-અંધ જગનું પ્રભુ ! નેત્ર તું છે;
ભવસાગરે પતિતનું પ્રભુ ! નાવ તું છે.
માતા, પિતા, ગુરુ, જિનેશ્વર! સર્વ તું છે.
તીર્થંકરો જગતના જયવંત વર્તો,
ૐકારનાદ જિનનો જયવંત વર્તો;
જિનનાં સમોસરણ સૌ જયવંત વર્તો,
ને તીર્થ ચાર જગમાં જયવંત વર્તો.

(અનુષ્ટુપ)

સમોસર્ણ જિનેશ્વરનું, શાસ્ત્રમાં બહુ વર્ણવ્યું;
પરંતુ એ મહાવર્ણનું, બિંદુ માત્ર તહીં કહ્યું.
વિના જોયે ન સમજાયે, સમોસર્ણ જિનેશનું;
ભરતે ભાગ્ય ન આ કાળે, મહાભાગ્ય વિદેહીનું.

(વસંતતિલકા)

જિનના સમોસરણનું અહીં ભાગ્ય છે ના,
દિવ્યધ્વનિ શ્રવણનું પણ ભાગ્ય છે ના;
તોયે સીમંધર અને વીરના ધ્વનિના,
પડઘા સુણાય મધુરા હજુ આગમોમાં.

(અનુષ્ટુપ)

વિક્રમશક પ્રારંભે, ઘટના એક બની મહા;
વિદેહી ધ્વનિના રણકા, જેથી આ ભરતે મળ્યા.

(હરિગીત)

બહુ ઋદ્ધિધારી કુંદકુંદ મુનિ થયા એ કાળમાં,
જે શ્રુતજ્ઞાનપ્રવીણ ને અધ્યાત્મરત યોગી હતા;
આચાર્યને મન એકદા જિનવિરહતાપ થયો મહા,
રે! રે! સીમંધરજિનના વિરહા પડ્યા આ ભરતમાં!

(શાર્દૂલવિક્રીડિત)

એકાએક છૂટ્યો ધ્વનિ જિનતણો ' સદ્ધર્મવૃદ્ધિ હજો'
સીમંધરજિનના સમોસરણમાં, ના અર્થ પામ્યા જનો;
સંધિહીન ધ્વનિ સૂણી પરિષદે આશ્ચર્ય વ્યાપ્યું મહા,
થોડી વાર મહીં તહીં મુનિ દીઠા અધ્યાત્મમૂર્તિ સમા.
જોડી હાથ ઊભા પ્રભુ પ્રણમતા, શી ભક્તિમાં લીનતા!
નાનો દેહ અને દિગંબર દશા, વિસ્મિત લોકો થતા;
ચક્રી વિસ્મય ભક્તિથી જિન પૂછે 'હે નાથ! છે કોણ આ?'
-છે આચાર્ય સમર્થ એ ભરતના સદ્ધર્મવૃદ્ધિકરા.

(અનુષ્ટુપ)

સૂણી એ વાત જિનવરની, હર્ષ જનહૃદયે વહે;
નાનકડા મુનિકુંજરને, 'એલાચાર્ય' જનો કહે.

(હરિગીત)

પ્રત્યક્ષ જિનવર દર્શને બહુ હર્ષ એલાચાર્યને,
ૐકાર સૂણતાં જિન તણો, અમૃત મળ્યું મુનિહૃદયને;
સપ્તાહ એક સૂણી ધ્વનિ, શ્રુતકેવળી પરિચય કરી,
શંકા નિવારણ સહુ કરી, મુનિ ભરતમાં આવ્યા ફરી.

(વસંતતિલકા)

વીરનો ધ્વનિ ગુરુપરંપર જે મળેલો,
પોતે વિદેહ જઈ દિવ્ય ધ્વનિ ઝીલેલો;
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.
આ ક્ષેત્રના ચરમ જિન તણા સુપુત્ર,
વિદેહના પ્રથમ જિન તણા સુભક્ત;
ભવમાં ભૂલેલ ભવિ જીવ તણા સુમિત્ર,
વંદુ તને ફરી ફરી મુનિ કુંદકુંદ!

(અનુષ્ટુપ)

**નમું હું તીર્થનાયકને, નમું ૐકારનાદને;**
**ૐકાર સંઘર્યો જેણે નમું તે કુંદકુંદને.**
**અહો ! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિદિવ્યનો;**
**જિન-કુંદ-ધ્વનિ આપ્યાં, અહો! તે ગુરુકહાનનો.**

શ્રી પદ્મનંદિઆચાર્ય કૃત

# જિનપૂજાષ્ટકં

(વસંતતિલકા)

જાતિર્જરામરમણમિત્યનલત્રયસ્ય
જીવાશ્રિતસ્ય બહુતાપકૃતો યથાવત્ ।
વિધ્યાપનાય જિનપાદયુગાગ્રભૂમૌ
ધારાત્રયં પ્રવરવારિકૃતં ક્ષિપામી ॥ ૧ ॥

યદ્વદ્વચો જિનપતેર્ભવતાપહારિ
નાહં સુશીતલમપીહ ભવામિ તદ્વત ।
કપૂરચંદનમિતીવ મયાપિતં સત્
ત્વત્પાદપંકજસમાશ્રયણં કરોતિ ॥ ૨ ॥

રાજત્યસૌ શુચિતરાક્ષતપુંજરાજિ-
ર્દત્તાધિકૃત્ય જિનમક્ષતમધૂર્તૈઃ ।
વીરસ્ય નેતરજનસ્ય તુ વીરપટ્ટો
બદ્ધઃશિરસ્યાંતિતરાં શ્રિયમાતનોતિ ॥ ૩ ॥

સાક્ષાદપુષ્પશર એષ જિનસ્તદેનં
સંપૂજયામિ શુચિપુષ્પસુરૈર્મનોજ્ઞૈઃ।
નાન્યં તદાશ્રયતયા કિલ યન્ન તત્ર
તત્તાત્ર રમ્યમધિકાં કુરુતે ચ લક્ષ્મીમ્ ॥ ૪ ॥

દેવોયમિન્દ્રિયબલં પ્રલયં કરોતિ
નેવેધમિન્દ્રિયબલપ્રદખાધમેતત્ ।

ચત્રં તથાપિ પુરતઃ સ્થિતમર્હતોઽસ્ય
શોભાં બિભર્તિ જગતો નયનોત્સવાય ॥ ૫ ॥

આરાર્તિકં તરલવહ્નિશિખં વિભાતિ
સ્વચ્છે જિનસ્ય વપુષિ પ્રતિબિમ્બિતં સત્।
ધ્યાનાનલો મૃગયમાણ ઈવાવશિષ્ઠં
દગ્ધું પરિભ્રમતિ કર્મચયં પ્રચંડઃ ॥ ૬ ॥

કસ્તૂરિકા રસમયીરિવ પત્રવલ્લીઃ
કુર્વન્ મુખેષુ ચલનૈરિવ દિગ્વધૂનામ્ ।
હર્ષાદિવ પ્રભુજિનાશ્રયણેન વાત-
પ્રેઙ્ખદ્વપુર્નટતિ પ્રશ્યત ધૂપધૂમ્રમ્ ॥ ૭ ॥

ઉચ્ચૈઃ ફલાય પરમામૃતસંજ્ઞકાય
નાનાફલૈર્જિનપતિ પરિપૂજયામિ ।
તદ્ભક્તિરેવ સકલાનિ ફલાનિ દત્તો
મોહેન તત્તદપિ યાચત એવ લોકઃ ॥ ૮ ॥

પૂજાવિધિ વિધિવદત્ર વિધાય દેવે
સ્તોત્રં ચ સંમદરસાશ્રિતચિત્તવૃત્તિઃ ।
પુષ્પાંજલિ વિમલકેવલલોચનાય
યચ્છામિ સર્વજનશાંતિકરાય તસ્મૈ ॥ ૯ ॥

શ્રીપદ્મનંદિતગુણૌઘ ન કાર્યમસ્તિ
પૂજાદિના યદપિ તે કૃતકૃત્યતાયા ।
સ્લશ્રેયસે-તદપિ તત્કુરુતે જનોઽર્હન્
કાય! કૃષિઃ ફલકૃતે ન તુ ભૂપકૃત્યે ॥ ૧૦ ॥

# બનવાસી સ્તુતિ

(ચાલ-કાલી કમલીવાલે તુમકો લાખોં પ્રણામ)

હે ! કુન્દકુન્દ બનવાસી તુમકો લાખોં પ્રણામ । સમ્યક્ જ્ઞાન વિકાસી તુમકો લાખોં પ્રણામ ॥ ટેક ॥ અજ્ઞાનીજન નિજ-પદ ભૂલે પરમાર્થસે હૈં સંબ લૂલે । જ્ઞાનામૃત-સુખરાસી તુમકો લાખોં પ્રણામ ॥ હે ! ॥ ૧ ॥ મિથ્યામતિ-ઘર અતિ ભરમાયે, ધર્માધર્મ અહો ! બિસરાયે ! સમ્યક્-ભૂમિ નિવાસી તુમકો લાખોં । પ્રણામ ॥ હે ! ॥ ૨ ॥ દુર્બુદ્ધિ હો તત્ત્વ ન ચીના, આત્માનાત્મા જ્ઞાન ન કીના । ભેદજ્ઞાન પ્રકાશી તુમકો લાખોં પ્રણામ॥ હે !॥ ૩॥ સ્વપર જ્ઞાન બિન પર હી ભાયા, રાગાદિક છન છન અપનાયા! જિન રાગી ઉલ્લાસી તુમકો લાખોં પ્રણામ ॥ હે! ॥ ૪ ॥ વસ્તુસ્વભાવ ધર્મ નહીં જાના, પર વિભાવ તિન ધર્મ પિછાના । હુએ શુદ્ધ-પદ વાસી તુમકો લાખો પ્રણામ ॥ હે! ॥ ૫ ॥ આત્મા જ્ઞાનમઇ સરધાયા, ગુણ અરુ ગુણીકા ભેદ મિટાયા ! નિર્વિકલ્પ-પદ ભાસી તુમકો લાખોં પ્રણામ ॥ હે ! ॥ ૬ ॥ જ્ઞાયક-ગુણ જબ આચ્છાદિત થા, જ્ઞેય-ભાવમેં અતિ મોહિત થા! કિયા સિદ્ધપદ વાસી તુમકો લાખોં પ્રણામ । હે! ॥ ૭ ॥ નિજ કા નિજ જ્ઞાયક દિખલાયા, સ્વયં સિદ્ધ જબ અનુભવ આયા । "નન્દ" ખુલ્લી ભવફાંસી તુમકો લાખોં પ્રણામ ॥ હે ॥ ૮ ॥

# દિવ્ય ધ્વનિ આનયન

(ચાલ-જિનધર્મકા ઝંડા આલમમેં બજવા દિયા વીર જિનેશ્વરને)

શ્રી કુંદકુંદ વિદેહક્ષેત્રમેં દિવ્ય ધ્વનિ સુન જ્ઞાન દિયા ! આત્મજ્ઞાન કા માર્ગ સુલભ-કર ભવ્યોં કો સમુઝાય દિયા ।। ટેક।। ગુરુવચન-સુનત અજ્ઞાન નશા । અરુ ભેદજ્ઞાન પ્રકાશ-લસા ।। ઘટમેં સ્વ વિવેક કલા વિકસા । મમ સહજ-રૂપ બતલાય દિયા ।। શ્રી કુન્દકુન્દ વિદેહ ક્ષેત્રમેં દિવ્ય-ધ્વનિ સુન ।। ૧ ।। નવતત્વ માંય નિજ તત્ત્વ ભના । વહ એકહિ રૂપ અનાદિ બના ।। કરમોંકે-રસમેં નાહિ સના । જલ-માંય કમલ જ્યોં લખાય દિયા ।। શ્રી કુંદકુંદ વિદેહક્ષેત્રમેં દિવ્ય-ધ્વનિ સુન ।। ૨ ।। જો કર્માસ્ત્રાવ કે હેતૂ થે ! વહ રાગાદિક સંભાવિત થે ।। નિજ-ગુણ નિજ હી નહિ ભાવિત થે । અબ સિદ્ધ-સદશ હિ દિખાય દિયા ।। શ્રી કુન્દકુન્દ વિદેહક્ષેત્રમેં દિવ્ય-ધ્વનિ સુન ।। ૩ ।। જબ જ્ઞાન માત્ર હી આત્મ કહા । તવ જ્ઞાયક રસકા સ્વાદ લહા ।। મતિ જ્ઞાનાદિક યે ભેદ કહાં । અહો ! જ્ઞાન-સમુદ્ર દિખાય દિયા ।। શ્રી કુન્દકુન્દ વિદેહ-ક્ષેત્ર મેં દિવ્યધ્વનિ સુન ।। ૪ ।। જ્ઞાની કરતા જ્ઞાન ભાવ કા । અજ્ઞાની અજ્ઞાયક કા ।। બાહ્ય ભાવના કર્માશ્રિતકા જ્ઞાયક -ગુણ મેં સુઝાય દિયા ।। શ્રી કુન્દકુન્દ વિદેહક્ષેત્ર મેં દિવ્ય ધ્વનિ સુન ।। ૫ ।। ચેતન - મમ સરવસ્વ કહા । વહાં દર્શન ત્રયકા ભેદ કહાં ।। ધન ધન્ન "નન્દ " સુન બચન મહા । ભવ બંધ ભાવં - ધ્વંસાય દિયા ।। શ્રી કુન્દકુન્દ વિદેહક્ષેત્રમેં દિવ્ય - ધ્વનિ સુન જ્ઞાન દિયા ।। ૬ ।।

# સીમંધર સ્વામિ કે પાસ જાના

( ચાલ-કાલી કમલી વાલે તુમકો લાખોં પ્રણામ)

હે ! કુન્દકુન્દ શિવચારી તુમકો લાખોં પ્રણામ ! શુદ્ધામૃત -દાતારી તુમકો લાખોં પ્રણામ ॥ ટેક ॥ સીમંધરસ્વામી ઢિગ આયે । દિવ્ય-ધ્વનિ સુન ગાથા લાયે । યોગીશ્વર-પદ ધારી તુમકો લાખોં પ્રણામ ॥ હે ! કુન્દ ॥ ૧ ॥ સમયસારજી રચ કર સારે । પ્રાભૃત-બાંધ ગ્રન્થ કર ડારે ॥ અતુલ- જ્ઞાન વિસ્તારી તુમકો લાખોં પ્રણામ ॥ હે ! કુન્દ ॥ ૨ ॥ શુદ્ધાતમ કે જાનન હારે । ભવ્યોં કે આંખોં કે તારે ॥ સ્વાનુભૂતિ આહારી તુમકો લાખોં પ્રણામ ॥ હે! કુન્દ ॥ ૩ ॥ દીના-નાથ દીન બહુ તારે સમ્યક્-દીપક જ્ઞાન સહારે ॥ ઋષિયોં કે ઉપકારી તુમકો લાખોં પ્રણામ ॥ હે! કુંદ ॥ ૪ ॥ નિજ-સ્વભાવરસ સ્વાદન હારે । પર વિભાવ તેં અતિ હી ન્યારે ॥ જ્ઞાન - દૃષ્ટિ કે ધારી તુમકો લાખોં પ્રણામ ॥ હે ! કુન્દ ॥ ૫ ॥ પર પરિણામ કહે પરસારે । શુદ્ધ બોધ પ્રગટાવન હારે । જ્ઞાન ધ્યાન આચારી તુમકો લાખોં પ્રણામ ॥ હે ! કુન્દ ॥ ૬ ॥ ચિત્સ્વરૂપ-ચિદ્ બ્રહ્મ સહારેં । પરમાતમકા રૂપ નિહારેં ॥ જગત-ગુરુ બલિહારી તુમકો લાખોં પ્રણામ ॥હે ! કુન્દ ॥ ૭ ॥ બ્રહ્મજ્ઞાન-બોધ દેનારે । ચરણ-છાંહ જા રહેં તિહારે । જ્ઞાના "નન્દ" વિહારી તુમકો લાખોં પ્રણામ ॥ હે ! કુન્દ ॥ ૮ ॥

★

# દિગમ્બર-ધર્મ અનાદિ

(ચાલ - ઝંડા ઊંચા રહે હમારા)

ઝંડા કુન્દકુન્દ મુનિ ધારા । આદિ દિગમ્બર ધર્મ પ્રચારા ॥ ટેક ॥ શ્વેતામ્બરવાદી જબ આયે । સભી દિગમ્બર જૈન બુલાયે । ભોલે ભાલે તિન બહકાયે । ગહો - ધરમ મમ નહીં છુટકારા । ઝંડા કુન્દકુન્દ મુનિ ધારા ॥ ૧ ॥ કુન્દકુન્દ મુનિ શીઘ્ર પધારે । સંઘ-સહિત આયે જબ સારે । ગિરનારીગિર સભી સિધારે । ઉભય - પક્ષ - જમ-ઘટ્ટ અપારા । ઝંડા કુન્દકુન્દ મુનિ ધારા ॥ ૨ ॥ કુન્દકુન્દ પ્રભુ આપહિ બોલે । સુનિયો ! મત વાલે સબ ભોલે । યહ પાષાન સ્વયં હી બોલે । ધર્મ કૌન હૈ આદિ કરારા । ઝંડા કુન્દકુન્દ મુનિ ધારા ॥ ૩ ॥ સંઘપતિ ગુરુ શ્વેતાંબર કે । ન્યાય-યુક્ત વાણી સુન કરકે । હર્ષિત હો ચિત ધીરજ ધરકે ! કિયા પ્રમાણ ઉદય મતિ વારા । ઝંડા કુન્દકુન્દ મુનિ ધારા ॥ ૪ ॥ ધ્વનિ પાષાન જબ ભેદ ગાજા । નભ મેં દેવ બજાવેં બાજા । આદિ ધર્મ સુન સુખ સબ પાજા । માન ! માન! યહ બચન હમારા । ઝંડા કુન્દકુન્દ મુનિ ધારા ॥ ૫ ॥ વિન સાધત અમ્બાજી આયે । સાધન વાલે અતિ પછતાયે । ઉપસર્ગોં સે ધર્મ બચાયે । જૈન દિગમ્બર ધર્મ પ્રચારા । ઝંડા કુન્દકુન્દ મુનિ ધારા ॥ ૬ ॥ જગ ઉપર યહ ઝંડા થાપા । શુદ્ધાતમ રસિયા લખ આપા । જ્ઞાનગમ્ય હૈં આપહિ આપા ।દેખ "નન્દ" સમ્યક્ત્વ ઉજારા । ઝંડા કુન્દકુન્દ મુનિ ધારા ॥ ૭ ॥

-- ★ --

## સ્વાનુભૂતિ

(ચાલ- જિન ધર્મકા ડંકા આલમમેં બજવા દિયા વીર જિનેશ્વરને )

ગુરુ-કુન્દકુન્દ સમ પૃથ્વી - પર નહીં હુએ ન હૈં અરુ હોવેંગે । સ્વાનુભૂતિકા માર્ગ દિખાયા યહ ઉપકાર ન ભૂલેંગે ।।ટેક।। મૈં અનાદિ આજ્ઞાની થા, પર-ભાવોં કા ભી કરતા થા । મમ-જ્ઞાયક- છવિ આચ્છાદિત થા, વહ પ્રગટ કિયા ક્યો ભૂલેંગે । ગુરુ-કુન્દકુન્દ સમ પૃથ્વી પર ।। ૧ ।। મૈં રાગાદિક કા ભાવી થા, જ્ઞાનાવરણાદિક બંધતા થા. અરુ મોહનછત્રપતિ રાજા થા. વહ નષ્ટ કિયા ! ક્યોં ભૂલેંગે । ગુરુ - કુંદકુંદ સમ પૃથ્વી-પર ।। ૨ ।। મન વચ કાય રમાતે થે. જબ ઇનહીં કે હો રમતે થે । ઉનમત્ત હુએ વિસરાયે થે, બતલાય દિયા ક્યોં ભૂલેંગે । ગુરુ-કુંદકુંદ સમ પૃથ્વી-પર ।। ૩ ।। સુખ-દુઃખકર કોઈ વસ્તુ નહીં, સબ મન કલ્પિત મન-માન લહી । ઈસ હી કો સરબસ માન ગહી, સમુઝાય દિયા ક્યોં ભૂલેંગે । ગુરુ-કુંદકુંદ સમ પૃથ્વીપર ।। ૪ ।। સ્વ-વિવેક ડટા પર-ભાવ ફટા, ભવ- ભાવ કટા ભવ-બન્ધ હટા । ચરણાશ્રિત "નન્દ" પડા ન હટા, તુમ-વચન સુધા ક્યોં ભૂલેંગે । ગુરુ - કુંદકુંદ સમ પૃથ્વી પર ।। ૫ ।।

## નિ:શ્રુત - જ્ઞાન

(ચાલ - તેરે પૂજનકો ભગવાન બના મન મન્દિર આલીશાન)

મેરે મન મંદિરમેં આન । વિરાજો કુંદકુન્દ ભગવાન ।। ટેક ।।
ગુરુઓંકે ગુરુરાજ હમારે । સમ્યક્-રૂપ વચન અતિ પ્યારે ।।
તુમ સમ નહિં ઉપકારી મહાન । વિરાજો કુંદકુંદ ભગવાન ।।

મેરે ॥ ૧ ॥ તુમ અધ્યાતમ વિદ્યાંદાની । તુમ કર ભ્રમતમ સહજ પલાની ॥ કરાયા આતમ કા પહિચાન । વિરાજો . કુન્દકુન્દ ભગવાન ॥ મેરે ॥ ૨ ॥ જગત-જયી તુમ જ્ઞાન વિભૂતિ । અનેકાન્તમય હૈ અનુભૂતિ ॥ નિરવષેસ પ્રગટાતે જ્ઞાન । વિરાજો કુન્દકુન્દ ભગવાન ॥ મેરે ॥ ૩ ॥ શુદ્ધનયાલમ્બી જિત મોહી । પરિણતિ શુદ્ધ ત્રિકાલહિ યોં હી ॥ અનુભવ જ્ઞાન હુઆ નિર્વાણ । વિરાજો! કુન્દકુન્દ ભગવાન ॥ મેરે ॥ ૪ ॥ પૂર્ણ જ્ઞાન ધન બોધ સુહાતા । નિશિ-દિન ઉપલબ્ધિ છવિ-ધ્યાતા ! અનુભવ દિન પ્રતિ સિદ્ધ સમાન । વિરાજો ! કુન્દકુન્દ ભગવાન ॥ મેરે ॥ ૫ ॥ ભેદજ્ઞાન-બલ જપ નિજ માલા । નિઃશ્રુત હો અનુભવ રસ બાલા ॥ મહામન્ત્ર યહ "નન્દ" મહાન । વિરાજો! કુન્દકુન્દ ભગવાન ॥ મેરે ॥ ૬ ॥

## ભેદજ્ઞાન

(ચાલ-તેરે પૂજન કો ભગવાન બના મન-મન્દિર આલીશાન)

જય! જય! કુન્દકુન્દ ભગવાન, કરા દો તુમ વચનામૃત પાન ॥ ટેક ॥ જિસને કહના તુમરા માના, શ્રદ્ધાઅચલ સ્વ-ગુણ પહિચાના । દિન-કર સમ હો સમ્યક્ જ્ઞાન, કરા દો તુમ વચનામૃત પાન ॥ જય ! ॥ ૧ ॥ કર્મોદય-રસ ભિન્ન ચખા દો, શુદ્ધાતમ-રસમેં લલચા દો । ભવ-ભવ હોય સહજ કલ્યાણ, કરા દો તુમ વચનામૃત પાન ॥ જય ! ॥ ૨ ॥ કર્માશ્રિત સબ કર્મ દિખાના, જ્ઞાનહિ એક સુધા નિત પ્યાના ! જય વિવેક પ્રગટે અમલાન, કરા દો તુમ વચનામૃત પાન ॥ જય ! ॥૩॥ જ્ઞાનાચારી સહજ બનાવો, જ્ઞાયક રસ ભર-ભર પિલવાવો ! દેવો જી ! શિવપદ ગુણવાન, કરાદો તુમ વચનામૃત પાન ॥

જય ! ॥ ૪ ॥ સુખ દુઃખ વિભાવ-ગુણ સમઝા દો, જ્ઞાનાશ્રિત અજ્ઞાન બતા દો ! સુનત ભજત હો ભેદજ્ઞાન, કરા દો તુમ વચનામૃત પાન ॥ જય ॥ ૫ ॥ જ્ઞાનાવરણ મેં જ્ઞાન વિભૂતિ હૈ મેધાચ્છિદ નિજ અનુભૂતિ । "નન્દ" જ્ઞાન હો કેવલજ્ઞાન, કરા દો તુમ વચનામૃત પાન ॥ જય ॥ ૭ ॥

oooooo

## બોધામૃત

(ચાલ - ઝંડા ઊંચા રહે હમારા)

કુન્દકુન્દ ઝંડા હૈ હમારા । અવિરલ-બોધામૃત દેનારા ॥ ટેક ॥ શુદ્ધાતમકા અનુભવ દાતા । જ્ઞાન-વાન કર શીઘ્ર બતાતા ॥ સ્વાભાવિક-રસ હી ચખવાતા । જાન-સ્વરૂપ મિટૈ ભ્રમ સારા ॥ કુન્દકુન્દ ઝંડા હૈ હમારા ॥ ૧ ॥ જ્ઞાનમંત્ર બલ સ્વપદ રમાતા । રાગાદિક મલ સહજ વમાતા ॥ સદા શુદ્ધ-સિદ્ધોઽહં ધ્યાતા । બુધ્યાતીત જ્યોતિ ઉજિયારા ॥ કુન્દકુન્દ ઝંડા હૈ હમારા ॥ ૨ ॥ જ્ઞાનાત્મક હૈ આત્મ સદાકા । વિશ્વો-પર હૈ રહના જાકા । બંધાભાવ સ્વ-મહિમા યાકા । બરષાતા નિજ અનુભવ ધારા ॥ કુન્દકુન્દ ઝંડા હૈ હમારા ॥ ૩ ॥ અનુભવ જ્ઞાનહિ હૈ શિવગામી । શિવ સ્વરૂપ લખા રૂપ-અનામી ॥ રુકૈ નહીં વહ અન્તરજામી । નિરાબાધ ગુણ અતુલ સહારા ॥ કુન્દકુન્દ ઝંડા હૈ હમારા ॥ ૪ ॥ મતિજ્ઞાનાદિ ભેદ સબ તજના । ભેદોં કો લખ ભ્રમ મત કરના । કેવલજ્ઞાન સ્વ પદ આચરના ॥ એકહિ જ્ઞાન સદા અવિકારા ॥ કુન્દકુન્દ

ઝંડા હૈ હમારા ॥ ૫ ॥ જો યહ જ્ઞાન વિધી આચરતા । જ્ઞાની હો જ્ઞાન-હી ગુણ રમતા । ઉસ-ઘટ મોહ-પિશાચ ન રહતા । જિત-મોહી હો ભ્રમણ નિવારા ॥ કુન્દકુન્દ ઝંડા હૈ હમારા ॥ ૬ ॥ અંતર-દૃષ્ટિ ધરેં જિન ધરમી । બાહ્ય-દૃષ્ટિ ત્યાગો પર ધરમી ॥ સ્વલ્પ-શબ્દ સુન હો જા મરમી । અહો "નન્દ" ભજ વારંવારા । કુન્દકુન્દ ઝંડા હૈ હમારા ॥ ૭ ॥

## આત્મ-જ્ઞાનકા વિકાસ

(ચાલ - ઝંડા ઊંચા રહે હમારા)

ઝંડા કુન્દકુન્દ યહ ન્યારા । આત્મ-જ્ઞાન કરાને વારા ॥ ટેક ॥ મિથ્યા મતિ વશ ભ્રમા અકેલા । જન્મ-મરણ કરતા દુઃખ ઝેલા । નર નારક સુર તિર્યક મેલા । અબ ગુરુવચન સુનો અતિ પ્યારા ॥ ઝંડા ॥ ૧ ॥ નિજ પરિણામ દેખ થિર હોના । રાગાદિક-મલ નિત હી ધોના ॥ જ્ઞાન માત્ર લખ જ્ઞાની હોના । બ્રહ્મજ્ઞાન તબ હો ઉજિયારા ॥ ઝંડા ॥ ૨ ॥ આત્મ-ધરમ ગહ ધરમી હૂજે । વસ્તુ-સ્વભાવ સહજ તબ સૂઝે । મન બચ કાય યોગ મત છૂજે । મિટે આપ અજ્ઞાન પસારા ॥ ઝંડા ॥ ૩ ॥ નિશ્ચય નય અનુસાર વિચરિયે । રાગાદિક પર યોગ ન ડરિયે ॥ નિજ સ્વાધીન ભાવ અનુસરિયે । પરમાતમ પદ મિલે સહારા ॥ ઝંડા ॥ ૪ ॥ ભૂલ મિટાદો હે! જગવાસી । હોતે હો ક્યોં સદા ઉદાસી । જ્ઞાન હિ એક સદા શિવવાસી । જ્ઞાનચક્ષુ હી "નન્દ" સહારા ॥ ઝંડા ॥ ૫ ॥

# અનુભવ-ભાવના

(ચાલ - ખ્યાલ)

કુન્દકુન્દ અનુભવ આશ્રય કર ! વિકસિત હો ચૈતન્ય-કમલ । ઉઠૈ-સુવાસ-જ્ઞાન-ગુણ નિત હી, વ્યાપ્ય-રહા જો તન મણ્ડલ ॥ ટેક ॥ દ્રવ્યકર્મ જ્ઞાનાવરણાદિક, ભાવ-કર્મ રાગાદિ-સકલ । મિથ્યા અવિરત અરુ કષાય ચવ, યોગ-ચલાચલ આપ અચલ ॥ તીન-કાલ મય જાન વ્યવસ્થા, દ્રવ્યદષ્ટિ ધારો બુધ-બલ । મનુષ જન્મ કા સાર હોય જબ, છાંડ વિભાવ મમત્વ વિકલ ॥ કુંદકુંદ ॥ ૧ ॥ નિત્યાનિત્યભાવ આતમ કા, કહૈ જિનાગમ હો ! બુધવાન । યદિ પ્રમાણ તદ ભજ જ્ઞાયક-ગુણ ચમક રહા નિત કરલો જ્ઞાન ॥ ચિદાનંદ-મય હૈ અનાદિકા, પ્રગટ દિપૈ અતિ હી અમલાન । ઉત્પતિ-નાશ અવસ્થા નાહીં, સ્વયં સિદ્ધ હો ! સિદ્ધ સમાન ॥ કુંદકુંદ ॥ ૨ ॥ બિન વિવેક હો નિત અજ્ઞાની પર-પરણતિ મેં હોય નિહાલ । રાગ-દ્વેષ મલ નિજ-મય ભાષૈ, યહી એક્યતા પરખૌ લાલ ॥ આત્મ-રૂપ રાગાદિક માંહીં, ભેદ-જ્ઞાન કરો તતકાલ ॥ શુદ્ધ નિરંજન જ્ઞાયક-મય છવિ, પ્રગટ હોય શશિસમ ત્રૈકાલ ॥ કુંદકુંદ ॥ ૩ ॥ ચિત્તાશ્રય હૈ કર્મજાલ સબ, ઉદય દેખ નાના પરકાર । જ્યોં દર્પણ કે સમ્મુખ ભાષૈ, વિવિધ વર્ણ અરુ બહુ આકાર ॥ કર્મકૃત સબ ભાવ કર્મકા, જીવ અકર્તા કહા પુકાર । વિન જાનેં નિજ જ્ઞાયક ગુણ કે, નિજ અનુભવ-રસ નહીં પ્રસાર ॥ કુન્દકુન્દ ॥ ૪ ॥ હાસ્ય-શોક ભય ક્રોધાદિક અરુ, સંયમ આદિ

અનેકવિધાન ! સમ્યક્ મિથ્યા ઉપશમાદિ બહુ, ભેદ સભી કરલો પહિચાન ॥ અંતર-દૃષ્ટિ ધાર અપને મેં જ્ઞાયક-ગુણધારી ભગવાન । જ્યોં કલ્લોલ માંય સ્વચ્છ ગુણ જલ-સ્વભાવ હૈ સ્થિર પહિચાન ॥ કુન્દકુન્દ ॥ ૫ ॥ મહામોહ વશ હો અજ્ઞાની, જ્ઞાન વિના પ્રગટા અવિચાર । વિષય લોલુપી અતિ જગવાસી, નિજ સ્વરૂપ મેં મિથ્યાચાર ॥ કહૈં નન્દ-ત્રૈકાલ જ્ઞાનમય, જાન ! સ્વરૂપ નિત્ય અવિકાર । ધ્યાવો । નિશદિન બાર બાર બુધ, દ્વાદશાંગ-વાણી કા સાર ॥ કુંદકુંદ ॥ ૬ ॥

-- ★ --

## ચતુર-અનુભવી

(ચાલ - થિયેટરી)

કુન્દકુન્દ વન્દો ! ચતુરનર । વિનશચલા જીતવ્ય ચતુર-નર ॥ ટેક ॥ જ્ઞાન-સ્વરૂપી આત્મ અવાચી, કહે કુન્દકુન્દ સ્વામી ભવ્યો ઉર ધરના । રાગ દ્વેષ ભાવ સેતી ભિન્ન હી વિચરના ॥ કુન્દકુન્દ ॥ ૧ ॥ જીવ માય બહુ ભાવ અનાદિ, સ્વભાવ વિભાવ તદ એકહિ સુમરના । નિત્ય હી ચિજજ્યોતિ માત્ર દેખ મન ભરના ॥ કુન્દ ॥ ૨ ॥ અવિનાસી જો ભાવ સ્વભાવી, હિનાદિ-વિભાવ નાશ-રૂપ ન વિસરના યેહી હૈ વિવેક નાંવ, બૈઠ ભવ તરના ॥ કુન્દ ॥ ૩ ॥ શાશ્વત અચલ ઉદ્યોત અનોપમ, નિત્ય ચિદ્રૂપ શુદ્ધ અનુભવ કરના । ઈસ હી ઉપાયસેતી ભવદુઃખ હરના ॥ કુન્દ ॥ ૪ ॥ જ્ઞાનરુ જ્ઞાયક એક પ્રદેશી, જ્ઞેય હૈ અનેક એક ક્ષેત્ર માંય લખના । જલોપરિ તેલ સમ "નન્દ" ચિત્ત ધરના ॥ કુંદ ॥ ૫ ॥

# ભ્રમસિન્ધુ-તરણ

હે ! કુન્દકુન્દ સ્વામી, આકર જરા દિખાજા । સ્વાત્મોપયોગી બાતેં, ઈક બાર ફિર સુનાજા ॥ ટેક ॥ અજ્ઞાની હો ભુલાયા । દુર્બુદ્ધિ ને સતાયા । સમ્યક્ સુધા પિલાકર, સ્વામત્મિક્ કમલ ખિલાજા ॥ હે ! ॥ ૧ ॥ બહિરાત્મ-બુદ્ધિ ધારા જન્મા મરા અપારા । ભ્રમ-સિંધુ સે નિકાલો, પરમાત્મપદ દિખાજા ॥ હે ! ॥ ૨ ॥ નિજ કો નજર ન આતા । પરભાવ હી સુહાતા । જ્ઞાનાત્મ-ભાવના કર, નિજ-આત્મમેં રિઝા જા ॥ હે ॥ ૩ ॥ કર્મો કા જાલ છાયા । અરુ મોહ ને સતાયા । સાતા તનિક ન આતી શુદ્ધાત્મ-રસ પિલાજા ॥ હે ! ॥ ૪ ॥ સમ્પતિ સભી વિરાની । ઉસ હીં મે ચિત્ત લુભાની । મતિ મન્દ હો પડા હૂં, કુછ જ્ઞાનધન દિલાજા હે ! ॥ ૫ ॥ માનુષ જનમ ભી પાયા । વિષયો મેં યોગ ધાયા । જ્ઞાનાન્ધ કો મિટા દો, કરિયે યહી લિહાજા ॥ હે ! ॥ ૬ ॥ તત્ત્વોં કો ના પિછાના અતત્ત્વ તત્ત્વ માના । હો તત્ત્વ જ્ઞાન સમ્યક્, ટુક દૃષ્ટિ કો ફિરાજા ॥ હૈ । ॥ ૭ ॥ વિદ્યા વહી સિખા દો । અજ્ઞાન મૂલ ખો દો । જ્ઞાનાત્મ નન્દ-બિંચરે, જગ-વંદ્ય અબકી આજા ॥ હૈ ! ॥ ૮ ॥

卐

## શ્રીમત્કુન્દકુન્દાચાર્યની સ્તુતિ

(અશોક પુષ્પમંજરી)

જાસકે મુખારવિન્દતેં પ્રકાશ ભાસ વૃન્દ,
સ્યાદ્‌વાદ જૈન વૈન ઇન્દુ કુન્દકુન્દસે ।
તાસકે અભ્યાસતેં વિકાશ ભેદજ્ઞાન હોત,
મૂઢ સો લખૈ નહીં કુબુદ્ધિ કુન્દકુન્દસે ।।
દેત હૈં અશીસ શીસ નાય ઇંદ્ર ચંદ્ર જાહી,
મોહ-માર-ખણ્ડ મારતણ્ડ કુન્દકુન્દસે ।
શુદ્ધ બુદ્ધિ વૃદ્ધિદા પ્રસિદ્ધરિદ્ધિસિદ્ધિદા,
હુએ ન હૈં, ન હોહિંગે, મુનીંદ કુન્દકુન્દસે ।।

**-વૃંદાવન**

## જિન-વાણી

(ચાલ - તેરે પૂજન કો ભગવાન બના મનમંદિર આલીશાન)

ભ્રાત ! જિનવાણી સમ નહિ આન । જાન! શ્રુત પંચમિ પર્વ મહાન । ટેક૦ ।। એકાન્તોં કા નહીં ઠિકાના । સ્યાદવાદ કા લગા નિશાના । મિટાતા ભવ ભવકા અજ્ઞાન ।। જાન૦ ।। ૧ ।। કેવલજ્ઞાની કી યહ વાણી ।। ખિરૈ અનક્ષર તદિ સમઝાની । સુર નર તિર્યક સુનતે આન ।। જાન૦ ।। ૨ ।। ગણ-ધર હૃદય વિરાજી માતા । વસ્તુસ્વભાવ સહજ ઝલકાતા । સુનત ભજત હો ભેદજ્ઞાન ।। જાન૦ ।। ૩ ।। ભવિ-જન પ્રીતિ સહિત ચિત ધારૈં । રવિ શશિ-સમ તમ કો પરિહારૈં । ઉસ ઘટ પ્રગટૈ પૂરણ જ્ઞન ।। જાન ।। ૪ ।। મોક્ષ દાયિક હે !

જિન-માતા । તુમ પૂજક સમ્યક્‌પદ્ પાતા । નન્દ - આપકે આશ્રિત માન ॥ જાન૦ ॥ ૫ ॥

## સ્વાગત

બોલોજી ! સ્વામી કુન્દ-કુન્દ જય હો ॥ ટેક૦ ॥ સ્વાગત કો હમ હરષ હરષ કર, આયે હૈં પ્રભુ શરણ તિહારે ॥ સ્વામી૦ ॥ ૧ ॥ સ્વાત્મિક-ગુણ સુધ નિર્મળ જલસમ, પ્યાવો જી, હમ તૃષિત દિનારે ॥ સ્વામી૦ ॥ ૨ ॥ અવ્યાબાધ સહજગુણ આવૃત, દરસા દો, ગુરુ તુમ હી હમારે સ્વામી૦ ॥ ૩ ॥ આપ સુ વિદ્યાપતિ જગપતિ પ્રભુ, દેવો ! નન્દ-સ્વપદ ગુણ વારે ॥ સ્વામી ॥ ૪ ॥

## અન્તરજામી

(ચાલ થિયેટરી)

આવો ! આવો ! ગુરુ-કુન્દ સ્વામી । પ્યાદો । બોધામૃત અંતરજામી ॥ ટેક ॥ તેરે સમાન નહીં કોઈ મહાન । આજા ! દિખાજા ! તૂ એકીનામી ॥ આવો ! ॥ ૧ ॥ મિથ્યામતી વશ જન્મા મરા । યોની ભી લખ-ચૌરાસી ધરા । સમ્યક્ - સુધા ! પ્યાદો જરા ! માનો કહા ! માનોસ્વામી ॥ આવો ! ॥ ૨ ॥ મૈં હોં અનાદિ શુદ્ધાત્મસ્વરૂપ । રાગી ન દ્વેષી ન કિસકેહિ રૂપ । દિખાવો જરા ! દષ્ટિફિરા ! માનો કહા ! બતાદો-સ્વામી ॥ આવો ! ॥ ૩ ॥ જ્ઞાનસ્વરૂપી જ્યોતિ ભરા । જ્ઞાતા હૈ - દષ્ટા હૈ જાનોં જરા । જ્ઞાયક હૈ નન્દ ! ન જન્મા-મરા ! જતાના - ખરા ! આપી સ્વામી ॥ આવો ! ॥ ૪ ॥

## -ઃશ્રી સદ્‌ગુરુદેવકે ચરણોંમેં ઃ-

તુમ એક અલૌકિક હો, ભગવન્ !
ત્રિભુવનમેં સચમુચ લાખોંમેં ;
હૈ મધુર શાંત-રસ ભરા હુઆ,
ભરપૂર તુમ્હારી આંખોંમેં. ૧
તુમ જગસે બિલકુલ ન્યારે હો,
જીવન આધાર હમારે હો ;
તુમ ભૂલ ગયે હો પાપોંકો,
હૈ ધર્મ તુમ્હારી આંખોંમેં. ૨
શુભ સહનશીલતા પાઠ પઢા,
મનમેં વિરાગકા રંગ ચઢા;
દિખલાઇ પડતા હૈ અતિશય,
અધ્યાત્મ તુમ્હારી આંખોંમેં. ૩
મમતાકા ગલા દબાયા હૈ,
જગવર્દ્ધક લોભ હટાયા હૈ;
ઉપશમ સમતાદિ ગુણોંકા હૈ,
ભંડાર તુમ્હારી આંખોંમેં. ૪
યે વચન તુમ્હારે સુધા ભરે.
જગભરકા સબ સન્તાપ હરે;
અતિ કૂટ-કૂટ કર ભરી હુઇ,
'સ્વદયા' તુમ્હારી આંખોંમેં. ૫
તુમ જીવન-માર્ગ દિખાતે હો,
ચહુંગતિસે હમેં બચાતે હો;
લખ તુમ્હેં હર્ષ ઉભરાતા હૈ,
હે નાથ ! હમારી આંખોંમેં. ૬

## -: ભગવાન કુંદકુંદને અંજલિ:-

સુખ્યશાંન્તિપ્રદાતા, જગના ત્રાતા, કુંદકુંદ મહારાજ;
જનભ્રાંતિવિધાતા, તત્વોના જ્ઞાતા, નમન કરૂં છું આજ,
જડતાનો આ ધરણી ઉપર, હતો પ્રબળ અધિકાર;
કર્યો ઉપકાર અપાર પ્રભુ! તેં, રચીને ગ્રંથ ઉદાર રે- સુખ ૧
વરસાવી નિજ વચન સુધારસ કર્યો સુશીતલ લોક;
સમયસારનું પાન કરીને, ગયો માનસિક શોક રે- સુખ ૨
તારા ગ્રંથોનું મનન કરીને, પામું અલૌકિક ભાન;
ક્ષણે ક્ષણે હું જ્ઞાયક સમરૂં, પામું કેવળજ્ઞાન રે-સુખ ૩
તારુ હૃદય પ્રભુ! જ્ઞાન-સમતાનું, રહ્યું નિરંતર ધામ;
ઉપકારોની વિમલ યાદીમાં, લાખો વાર પ્રણામ રે-સુખ ૪

## -: અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવને:-

તુજ પાદપંકજ જયાં થયાં તે દેશને પણ ધન્ય છે,
એ ગામ-પુરને ધન્ય છે, એ માતકુળ જ વન્દ્ય છે;
તારાં કર્યાં દર્શન અરે ! તે લોક પણ કૃતપુણ્ય છે,
તુજ પાદથી સ્પર્શાઇ એવી ધૂલિને પણ ધન્ય છે.
તારી મતિ તારી ગતિ, ચારિત્ર લોકાતીત છે,
આદર્શ સાધુ તું થયો, વૈરાગ્ય વચનાતીત છે;
વૈરાગ્યમૂર્તિ, શાન્તમુદ્રા, જ્ઞાનનો અવતાર તું,
ઓ દેવના દેવેન્દ્ર વ્હાલા ! ગુણ તારા શું કથું ?
અનુભવમહીં આનંદતો સાપેક્ષ દૃષ્ટિ તું ધરે,
દુનિયા બિચારી બાવરી તુજ દિલ દેખે ક્યાં અરે ?

તારા હૃદયના તારમાં રણકાર પ્રભુના નામના,
એ નામ 'સોહં' નામનું, ભાષા પરા જ્યાં કામ ના.
અધ્યાત્મની વાતો કરે, અધ્યાત્મની દૃષ્ટિ ધરે,
નિજ દેહ -અણુઅણુમાં અહો ! અધ્યાત્મરસ ભાવે ભરે;
અધ્યાત્મમાં તન્મય બની, અધ્યાત્મને ફેલાવતો,
કાયા અને વાણી - હૃદય, અધ્યાત્મમાં રેલાવતો.
જ્યાં જ્યાં તમારી દૃષ્ટિ ત્યાં આનંદના ઊભરા વહે,
છાયા છવાયે શાન્તિની તું શાન્તમૂર્તે! જ્યાં રહે;
અધ્યાત્મમૂર્તિ, શાન્તમુદ્રા, જ્ઞાનનો અવતાર તું,
ઓ કહાનદેવ દેવેન્દ્ર વ્હાલા, ગુણ તારા શું કથું?

## : ઉદ્‌ઘાટન ગીત :

ધર્મધ્વજ ફરકે છે મોરે મંદિરિયે;
સ્વાધ્યાયમંદિર સ્થપાયા અમ આંગણિયે.
દેવ ને દેવેન્દ્ર આ મંગલ મહોત્સવ ઉજવે,
કુંદકુંદસ્વામી સ્વર્ગમાં બેઠા અમીદૃષ્ટિ કરે:
આજે ગાંધર્વોનાં ગીત ગાજે છે,
દૈવી દુંદુભી ડંકા વાગે છે - ધર્મ. ૧
શાસનતણા સમ્રાટ અમારે આંગણે આવ્યા,
અદ્‌ભુત યોગિરાજ અમારા ધામ દીપાવ્યા;
મીઠો મહેરામણ આંગણિયે કહાન મહારાજ,
પુણ્યોદયના મીઠાં ફળ ફળીયાં આજ-ધર્મ. ૨
અમૃતભર્યાં જ્યાં ઉર છે, નયને વિજયના નૂર છે,
જ્ઞાનામૃતે ભરપૂર છે, બ્રહ્મચારી એ ભડવીર છે:

યુક્તિ-ન્યાયમાં શૂરા છો યોગીરાજ,
નિશ્ચય-વ્યવહારના સાચા છો જાણનાર-ધર્મ. ૩

દેહે મઢેલા દેવ છો ચરિતે સુવર્ણવિશુદ્ધ છો,
ધર્મે ધુરંધર સંત છો, શૌર્યે સિંહણ પીધ દૂધ છો;

મુક્તિ વરવાને ચાલ્યા છો યોગિરાજ,
સનાતન ધર્મના સાચા છો ઋષિરાજ-ધર્મ. ૪

સૂત્રો બતાવ્યા શાસ્ત્રમાં ઉકેલવા મુશ્કેલ છે,
અક્ષર તણો સંગ્રહ ઘણો પણ જ્ઞાન પેલે પાર છે;

અંતર્ગતના ભાવોને ઓળખનાર,
આત્મિક વીર્યના સાચા સેવનહાર-ધર્મ. ૫

## -: ગુરુદેવનો ઉપકાર :-

જ્યાં જોઉં ત્યાં નજર પડતાં રાગ ને દ્વેષ હા ! હા !
જ્યાં જોઉં ત્યાં શ્રવણ પડતાં પુણ્ય ને પાપ ગાથા ;

જિજ્ઞાસુને શરણસ્થળ ક્યાં ? તત્ત્વની વાત ક્યાં છે?
પૂછે કોને પથ પથિક જ્યાં આંધળા સર્વ પાસે.

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;

એવા કંઈક પ્રભાવથી, ગગનથી ઓ કહાન તું ઊતરે,
અંધારે ડૂબતા અખંડ સત્‌ને તું પ્રાણવંતુ કરે.

જેનો જન્મ થતાં સહુ જગતનાં પાખંડ પાછાં પડે,
જેનો જન્મ થતાં મુમુક્ષુ હૃદયો ઉલ્લાસથી વિક્સે,
જેના જ્ઞાનકટાક્ષથી ઉદય ને ચૈતન્ય જૂદાં પડે,
ઇન્દ્રો એ જિનસુતના જનમને આનંદથી ઉજવે,
ડૂબેલું સત્ય અંધારે આવતું તરી આખરે;
ફરી એ વીર-વાક્યોમાં પ્રાણ ને ચેતના વહે.

## -: યોગીન્દ્રોને વંદન :-

યોગીન્દ્રો ! તમ પુનિત ચરણ વંદન કરું !
ઉન્નત ગિરિશૃંગોના વસનારા તમે,
આવ્યા રંકઘરે શો પુણ્યપ્રભાવ જો;
અર્પણતા પૂરી નવ અમને આવડે,
ક્યારે લઇશું કરુણ ઉરોનો લ્હાવ જો - યોગીન્દ્રો.
સત્યામૃત વરસાવ્યાં આ કાળે તમે,
આશય અતિશય ઊંડા ને ગંભીર જો;
નંદનવન સમ શીતળ જ્યોત અપાર જો,
જ્ઞાનપ્રભાકર પ્રગટી જ્યોત અપાર જો - યોગીન્દ્રો.
અણમૂલા સુતનુઓ શાસનદેવીના !
આત્માર્થીની એક અનુપમ આંખ જો !
સંત સલુણા ! કલ્પવૃક્ષ ! ચિંતામણિ !
પંચમકાળે દુર્લભ તમ દિદાર જો - યોગીન્દ્રો.

# પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવના વિરહભાવભર્યું ગીત

(પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
ભક્તિપૂર્ણ હૃદયમાંથી વહેલું)

(રાગ :- અપૂર્વ અવસર....)

ચાંદલિયા ! સંદેશ દેજે ગુરુદેવને,
(શશિધર ! સંદેશો દેજે ગુરુદેવને,)
વસી રહ્યા છે સ્વર્ગપુરીને ધામ જો;
વૈમાનિક સ્વર્ગે મુજ ગુરુજી બિરાજતા,
ઇંદ્ર સરીખા શોભી રહ્યા એ દેવ જો.... ચાંદલિયા ! ૧

વિદેહમાં સ્વર્ગેથી ગુરુજી પધારતાં,
સીમંધરદર્શનથી તૃપ્તિ અપાર જો;
વૈમાનિક-પરિષદમાં ગુરુવર-બેસણાં.
ભાવભીના ઝીલે ધ્વનિ અમૃતધાર જો... ચાંદલિયા ! ૨

સ્વર્ણપુરીના ધામો આ સૂનાં થયાં,
ભરતક્ષેત્રને છોડી ચાલ્યા નાથ જો;
(સ્વર્ણપુરીને છોડી ચાલ્યા નાથ જો;)
તુજ વિરહે હૃદયો ભક્તોનાં રડી રહ્યાં,
ટળવળતાં જયમ માતવિહૂણાં બાળ જો... ચાંદલિયા ! ૩

વિદેહક્ષેત્રે ગુરુજી જેમ પધારતા,
તેમ પધારો સ્વર્ણપુરી મોઝાર જો;

સ્વર્ણપુરે ભક્તો તુજ દર્શન ઝંખતા,
દર્શન દો, વાણી વરસાવો, નાથ ! જો... ચાંદલિયા ! ૪

તુજ ચરણોમાં મનડું મુજ લાગી રહ્યું,
અંતરમાંહી લાગ્યો રંગ મજીઠ જો;
તુજ દર્શનની સેવકને નિત ઝંખના,
શ્રવણ કરાવો ચિદ્રસઝરતા નાદ જો ... ચાંદલિયા ! ૫

વિમાનવાસી, દિવ્ય શક્તિધર દેવ છો,
વિધવિધ કાર્યે સમર્થ છો ગુરુદેવ! જો;
આશા પૂર્ણ કરોને ગુરુજી ! દાસની,
સ્વર્ણે પધારી વર્તાવો જયકાર જો,
(આનંદમંગળ વર્તાવો ગુરુરાજ ! જો.) ... ચાંદલિયા ! ૬

ભરતે એક અજોડ રતન ગુરુજી ! તમે,
અંતર ઊછળ્યાં શ્રુતસાગરનાં પૂર જો;
સ્વર્ણે નિત ગુરુમુખથી અમીવર્ષા થતી,
પંચમ કાળે પરાક્રમી ભડવીર જો ... ચાંદલિયા ! ૭

ગુણમૂર્તિ અદ્‌ભુત શ્રુતધર ગુરુદેવ ! છો,
ચિંતામણિ સમ ચિંતિત ફળ દાતાર જો;
મંગળતામય શીતળ તારી છાંયડી,
સત્ય ધર્મના આંબા રોપ્યા નાથ ! જો ... ચાંદલિયા ! ૮

ગુરુજી ! તારા પડયા વિરહ વસમા ઘણા,
તારણહાર થયા નયનોથી દૂર જો;
સેવકને છોડી ગુરુજી ચાલ્યા ગયા,
અંતરમાં તો નિત્ય બિરાજો નાથ ! જો ... ચાંદલિયા ! ૯

ભવભવમાં હો તુજ ચરણોની સેવના,
અનંત-ઉપકારી ભાવી ભગવંત જો;
શુદ્ધાત્માના શરણે સાધી સાધના,
નિત્યે રહેશું દેવ-ગુરુની સાથ જો ... ચાંદલિયા ! ૧૦

## શ્રી સીમંધરજિન-સ્તવન

(લલિત છંદમાં)

સીમંધરનાથજી ! મોહ ટાળજો,
સુખદ એહવો ધર્મ આપજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું,
જિનપતિ ! તને વંદના કરું. ૧

જગત-નાથજી ! દર્શ આપજો;
સુખદ એહવી ભક્તિ આપજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું,
જિનપતિ ! તને વંદના કરું. ૨

જગત-તાતજી ! કષ્ટ કાપજો;
સુખદ એહવું સ્વરૂપ આપજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું,
જિનપતિ ! તને વંદના કરું. ૩

પરમ નાથજી ! દુઃખ કાપજો,
અચલ એહવું શર્મ આપજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું,
જિનપતિ ! તને વંદના કરું. ૪

પરમ દેવરે ! વ્યાધિ કાપજો,
અચલ એહવી શાંતિ આપજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું,
જિનપતિ ! તને વંદના કરું. ૫

ચલ દેવરે ! શત્રુ વારજો,
શરણ તાહરું સર્વદા હજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું,
જિનપતિ ! તને વંદના કરું. ૬

વિપત્તિ દાસની સર્વ કાપજો,
ચરણ પદ્મની સેવના હજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું,
જિનપતિ ! તને વંદના કરું. ૭

●

## ● દર્શન દો માતા મોરી ●

(પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વિરહનું ગીત)

(રાગ : કુંવરીને ખમા ખમા કરતી)

દર્શન દો માતા મોરી, ફરી ફરી પાય પડું તોરી.
સીમંધરનંદન ! વંદન તુજને, ભવ્યાતમ-આધારા,
પૂર્વારાધન-દોર ! સાંધીને, પ્રગટી જ્ઞાયકધારા...દર્શન૦ ૧

લાખ વર્ષમાં દર્શન દુર્લભ, ધીર વીર ગંભીરા,
શ્રુતલબ્ધિયુત માતા મળિયાં, પુણ્યોદય મુજ ફળિયા...દર્શન૦ ૨

વિદાય વસમી માતા તારી, ક્યાંયે ચેન ન પડતું,
સરલ વદનના દર્શન કાજે, મનડું ખૂબ તલસતું...દર્શન૦ ૩
આશ ધરે હિજરાતું હૈયું - માતા દર્શન દેશે,

સૂકી દિલડાની વાડી આ, અમૃતથી સિંચાશે...દર્શન૦ ૪
સૂનાં સ્વર્ણપુરીનાં ધામો, મનમંદિર મુજ સૂના,
દશે દિશાઓ સૂનીસૂની, માતા! તુજ વિરહામાં...દર્શન૦ ૫

અમ આંગણિયા પાવન કરવા, માત વિદેહી પધાર્યા,
અલ્પ સમયમાં ટળવળતાં ભક્તોને છોડી ચાલ્યા...દર્શન૦ ૬

વત્સલતાનું અમૃતઝરણું માત-હૃદયમાં વહેતું,
અમ સેવકના અંતર તાપો ક્ષણમાં દૂર કરી દેતું...દર્શન૦ ૭

સીમંધરપ્રભુના મંગલમય સંદેશા ભરતે લાવ્યા,
'કહાનગુરુ તીર્થંકર થાશે' - મધુરા અમૃત પાયા...દર્શન૦ ૮

મીઠી મીઠી દૃષ્ટિ તારી મીઠાં અમૃત પાતી,
જ્ઞાનખજાનો ખોલી ખોલી, દાન ભક્તને દેતી...દર્શન૦ ૯

દિવ્યશક્તિધારક ! સ્વર્ગેથી ગુરુવર સંગ પધારો,
ભક્તોના મુરઝાતા મનને દર્શન દઈ વિકસાવો...દર્શન૦ ૧૦

ઉપકારી ! ઉપકાર તમારા અમ અંતરમાં છાયા,
સ્વાનુભૂતિયુત વચનામૃતના જગમાં ધોધ વહાવ્યા...દર્શન૦ ૧૧

ચિંતામણિ કલ્યાણી માતા ! અતિશય ગુણગણધારી !
શિવપુરીમાં સાથે રાખો - એક જ અરજ અમારી...દર્શન૦ ૧૨

## ભગવાન કુંદકુંદના જયનાદ

સુરેન્દ્ર આવો ગગનના સ્વાધ્યાયમંદિર ઊતરો;
ભગવાન શ્રી કુન્દકુન્દના જયનાદ બોલો જગતમાં.
ભગવાન શ્રી ગુરુરાજના જયનાદ બોલો જગતમાં.-૧

ગુરુરાજ આપ પધારીને, સ્વાધ્યાય-દ્વાર ખોલાવિયે;
કુન્દકુન્દ કૃત સમયસારના, જયનાદ વર્તે જગતમાં. - સુ. ૨
મા! તું અમારી સરસ્વતી સ્થાપન કરું હું તાહરું;
શી શી કરું તારી સ્તુતિ તું જીવનદાત્રી ભગવતી. -સુ. ૩

સત્ય વસ્તુ માર્ગદર્શક, શાસનતણા સિંહ કેસરી,
કુન્દકુન્દ કૃત પ્રાભૃતતણી, સરિતા વહાવી રાજવી. -સુ. ૪

ભગવાન શ્રી કુન્દકુન્દ છો, સમયસારજી દાતાર છો.
ગ્રંથો તણા ગૂઢ મર્મદાતા, સાક્ષાત શ્રીકહાન છો. - સુ. ૫

દુંદુભી નાદ બજાવવા, એ સ્વર્ગસંગીત લાવજો;
આવો ગવૈયા સ્વર્ગના, સુવર્ણના મેદાનમાં. - સુ. ૬

આવજો, સહુ આવજો, સમયસારજી ગુણગાનમાં;
લઈ ભાગ આજે હોંશથી, જયકાર હોજો જીવનમાં. -સુ. ૭

卐

## -: જય સમયસાર :-

જય સમયસાર ! જય સમયસાર !
સુખ પ્રકાશિની માતા તૂ હૈ,
દુઃખવિનાશીની માતા તૂ હૈ,
નયવિકાશિની માતા તૂ હૈ,
સ્વર્ગમુક્તિ દાતાર...જય. ૧

તૂ હૈ નિર્મળ જ્ઞાન હમારા,
તૂ હૈ ગુણ છવિમાન હમારા,
તૂ હૈ સ્વર્ણ વિહાન હમારા,
મૂર્તિમાન ઉપકાર...જય. ૨

તૂ એકાન્ત નશાંનેવાલી,
અનેકાન્ત દ ર શા ને વા લી,
જગકા ધ્વાન્ત મિટાનેવાલી,
નાશક મિથ્યાચાર...જય. ૩

તુઝમેં વિમલાભાસ ભરા હૈ,
તુઝમેં જ્ઞાનવિકાસ ભરા હૈ,
તુઝમેં ધર્મપ્રકાશ ભરા હૈ,
તૂ હૈ ગુણભંડાર...જય. ૪

તુઝસે હૈ જગ મેં ઉજિયાલા,
તૂ પવિત્ર હૈ જ્ઞાન નિરાલા,
તૂ હૈ ગુણમંડિત મણિમાલા,
તૂ જગ કા શૃંગાર...જય. ૫

સમ્યગ્ દર્શન મિત્ર હમારા,
સમ્યગ્ જ્ઞાન વિચિત્ર હમારા,
સત્ સમ્યક્ચારિત્ર હમારા,
તૂ સમ્યક્ત્વ ત્રિધાર...જય. ૬

તૂ હૈ તીર્થંકરકી વાણી.
પીકર તેરા નિર્મલ પાની,
બનતા હૈ જગ કેવલજ્ઞાની,
તૂ હૈ જ્ઞાનાગાર...જય. ૭

માં તૂ હૈ સદ્જ્ઞાન ઉજાગર,
મહિમામય ભૂષિત ગુણ-આગર,
શાન્તિ, પ્રેમ, નયકા સુખ સાગર,
મહિમા અપરંપાર...જય. ૮

માં ! હમકો સ્વાત્માભિમાન દે.
આત્મોન્નતિકા મધુર દાન દે,
કર્મ વિનાશક વિમલ જ્ઞાન દે,
દે શ્રુતિજ્ઞાન ઉદાર...જય. ૯
રક્ષક તુહૈ જનનિ હમારી,
હમ હૈં તેરે કૃપાભિખારી,
તન મન ધન તુઝ પર બલિહારી,
વરદ સ્વપાણિ પસાર...જય. ૧૦

માં અજ્ઞાન હમારા હર દે.
સુંદર શુચિકર શુચિતર વર દે,
શશિ-શીકર બનકર જગ ભર દે,
હર દે સકલ વિકાર...જય. ૧૧

## મહાવીર જયંતિ

(ચાલ - તેરે પૂજન કો ભગવાન બના મન-મન્દિર આલીશાન.)

જય જય મહાવીર ભગવાન । સદા તુમ ચરણામ્બુજ કા ધ્યાન ॥

બાલપને ગૃહવાસ ન કીના । બાલ-બ્રહ્મચારી-રસ ભીના ॥
હુએ દિગમ્બર યતી મહાન । સદા તુમ ચરણામ્બુજ કા ધ્યાન ॥ જય૦

મન ઈન્દ્રિય કો મશ નિજ કીના । રાગ દ્વેષ કા રસ નહીં લીના ॥
હના મોહ સુભટ બલવાન । સદા તુમ ચરણામ્બુજ કા ધ્યાન ॥ જય૦

ઘાતિ-કર્મકા નાશ હુઆ જબ । લોકાલોક પ્રકાશ જ્ઞાન તબ ॥
ભયે આપ અરહંત મહાન । સદા તુમ ચરણામ્બુજ કા ધ્યાન ॥ જય૦

સમવસરણ કી હુઇ તિયારી । ઋષિ મુનિ ખગ સબ મંઝારી ॥
ખિરે અનક્ષર ધ્વનિ અમલાન । સદા તુમ ચરણામ્બુજ કા ધ્યાન ॥ જય૦

સબ જન સુને બૈર નહિ આને । વાણી સબ કે ચિત્ત મેં સાનૈ ॥
સુનૈ અહિંસા-ધર્મ પ્રધાન । સદા તુમ ચરણામ્બુજ કા ધ્યાન ॥ જય૦

કર વિહાર જિનધર્મ બતાયા । ધર્માદિક પુરુષાર્થ સુઝાયા ॥
કિયા અપૂર્વ જગત કલ્યાન । સદા તુમ ચરણામ્બુજ કા ધ્યાન ॥ જય૦

શુકલધ્યાન સે લીન હુએ જબ । પંચ-લઘુક્ષર શેષ સમય તબ ॥
હુએ આપ સબ સિદ્ધ-સમાન । સદા તુમ ચરણામ્બુજ કા ધ્યાન ॥ જય૦
દેખ જયન્તીકા ઉત્સવ દિન । ગાવો સબ મિલ નિજ ગુણ નિશદિન ॥
નંદ-જન્મકા હો અવસાન । સદા તુમ ચરણામ્બુજ કા ધ્યાન ॥ જય૦

## ॥ श्रीप्रणव माहात्म्य ॥

ओकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥

(धनाक्षरी)

ॐकार શબ્દ [1]વિશદ યાકે ઉભયરૂપ,
એક આતમિક ભાવ એક પુદગલકો,
શુદ્ધતાં સ્વભાવ લિયે, ઉઠયો રાય [2]ચિદાનંદ,
અશુદ્ધ વિભાવ લૈ પ્રભાવ જડબલકો.
ત્રિગુણ ત્રિકાળ તાતે વ્યય ધ્રુવ ઉતપાત;
જ્ઞાતા કો સુહાત બાત નહીં લાગ ખલકો;
બનારસીદાસ જાકે હૃદય ॐકાર વાસ,
જૈસો પરકાશ [3]શશિ પક્ષકો શુકલકો. ૧
નિરમલ જ્ઞાનકે પ્રકાર પંચ નરલોક.
તામેં શ્રુતજ્ઞાન પરધાન કર પાયો હૈં;
તાકે મૂલ દોયરૂપ અક્ષર અનક્ષરમેં,
અનક્ષર અગ્ર પિંડ સૈનમેં બતાયો હૈ;

૧ વિશાલ ૨ જ્ઞાનસ્વરૂપનો આનંદ ૩ ચંદ્ર

બાવન વરસ જાકે અસંખ્યાત [1]સન્નિપાત,
તિનિમેં નૃપ ॐकार સજ્જન સુહાયો હૈ;
બનારસીદાસ અંગ દ્વાદશ વિચાર યામેં,
ઐસે ॐकार કંઠ પાઠ તોહિ આયો હૈ. ૨
મહામંત્ર ગાયત્રીકે મુખ બ્રહ્મરૂપ મંડયો,
આતમ પ્રદેશ કોઈ પરમ પ્રકાશ હૈ.
તા પર અશોક વૃક્ષ છત્ર ધ્વજ ચામર સો,
પવન અગનિ જલ વસૈ એક વાસ હૈ,
સારીકે આકાર તામેં રુદ્ર રૂપ ચિતવત.
મહાતમ મહાવૃત તામેં બહુ ભાસ હૈ,
ઐસો ॐकार કો અમૂલ ચૂલ મૂલરસ,
બનારસીદાસ જૂકે વદન વિલાસ હૈ. ૩

## શારદાષ્ટકં

(વસ્તુ છંદ)

નમો કેવલ નમો કેવલરૂપ ભગવાન,
મુખ ॐकार ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ,
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ;
સો સત્યારથ સારદા તાસુ, ભક્તિ ઉર આન,
છન્દ ભુજંગપ્રયાતમેં, અષ્ટક કહૌં બખાન.

---

૧ જોડાણ

# સરસ્વતી સ્તવન

(ભુજંગપ્રયાત)

જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા,
વિશુદ્ધપ્રબુદ્ધા નમોં લોકમાતા;
દુરાચાર દુર્નૈહરા શંકરાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૧

સુધાધર્મસંસાધની ધર્મશાલા,
બુધા તાપનિર્નાશની મેઘમાળા;
મહામોહવિધ્વંસની મોક્ષદાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૨

અખૈવૃક્ષશાખા વ્યતીતાભિલાષા.
કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા;
ચિદાનન્દ-ભૂપાલકી રાજધાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૩

સમાધાનરૂપા અનૂપા [૧]અદ્દુદ્રા,
અનેકાન્તધા સ્યાદ્‌વાદાકમુદ્રા;
[૨]ત્રિધા [૩]સપ્તધા દ્વાદશાંગી વખાની.
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૪

અકોપા અમાના અદંભા અલોભા,
શ્રુતજ્ઞાનરૂપી મતિજ્ઞાનશોભા;
મહાપાવની ભાવના ભવ્યમાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૫

---

૧. અશુદ્રા-શુદ્ધ ૨. ઉત્પાદ, વ્યય, ધ્રુવ-ત્રિપદી. ૩. સપ્તભંગી

અતીતા અજીતા સદા નિર્વિકારા,
વિષૈવાટિકાખંડિની ખડ્ગધારા;
પુરા પાપ વિક્ષેપકર્તૃ [૧]કૃપાણી,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૬

અગાધા અબાધા [૨]નિરંધ્રા નિરાશા,
અનન્તા અનાદિશ્વરી કર્મનાશા;
નિશંકા નિરંકા ચિદંકા ભવાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૭

અશોકા [૩]મુદેકા વિવેકા વિધાની,
જગજ્જન્તુમિત્રા [૪]વિચિત્રાવસાની;
સમસ્તાવલોકા [૫]નિરસ્તાનિદાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૮

જૈનવાણી જૈનવાણી સુનહિં જે જીવ,
જે આગમ રુચિ ધરૈં જે પ્રતીતિ મનમાંહિ આનહિ;
અવધારહિં જે પુરુષ સમર્થ પદ અર્થ જાનહિ.
જે હિતહેતુ બનારસી, દેહિં ધર્મ ઉપદેશ;
તે સબ પાવહિં પરમસુખ તજ સંસાર કલેશ. ૯

---

૧. તલવાર જેવી મોટી છરી. ૨. વર્ણસંકર વિનાની
૩. ખુશી ઉત્પન્ન કરનારી ૪. વિચિત્ર પરિણામ લાવનારી
૫. નિદાનને દૂર કરનારી

# સુમતિના દેવીરૂપે ૧૦૮ નામ

નમૌ સિદ્ધસાધક પુરુષ નમૌ આતમારામ,
વરણોં દેવી સુમતિ કે, અષ્ટોત્તરશત નામ. ૧

(રોડક છંદ)

સુમતિ સુબુદ્ધિ સુધી સુબોધનિધિસુતા પુનીતા,
શશિવદની સેમુષી શિવમતિ ધિષણા સીતા;
સિદ્ધા સંજમવતી સ્યાદવાદિની વિનીતા,
નિરદોષા નીરજા નિર્મલા જગતઅતીતા;
શીલવતી શોભાવતી શુચિધર્મા રુચિરીતિ,
શિવા સુભદ્રા શંકરી, મેઘા દઢપરતીતિ. ૨

બ્રહ્માણી બ્રહ્મજા બ્રહ્મરતિ બ્રહ્મઅધીતા,
પદ્મા પદ્માવતી વીતરાયા ગુણમીતા;
શિવદાયિનિ શીતલા રાધિકા, રમા અજીતા,
સમતા સિદ્ધેશ્વરી સત્યભામા નિરનીતા,
કલ્યાણી કમલા કુશલિ, ભવભંજની ભવાનિ,
લીલાવતી મનોરમા, આનંદી સુખખાનિ. ૩

પરમા પરમેશ્વરી પરમપંડિતા અનન્તા,
અસહાયા આમોદતી અભયા અધહંતા;
જ્ઞાનવતી ગુણવતી ગૌમતી ગૌરી ગંગા,
લક્ષ્મી વિદ્યાધરી આદિસુંદરી અસંગા,
ચંદ્રાભા ચિન્તાહરણિ, ચિદ્વિદ્યા ચિદ્વેલિ;
ચેતનવતી નિરાકુલા, શિવમુદ્રા શિવકેલિ. ૪

ચિદ્‍વદની ચિદ્રૂપ કલા વસુમતી વિચિત્રા,
અર્ધંગી અક્ષરા જગતજનની જગમિત્રા;
અવિકારા ચેતના ચમત્કારિણી ચિદંકા,
દુર્ગા દર્શનવતી દુરિતહરણી નિઃકલંકા;
ધર્મધરા ધીરજધરનિ મોહનાશિની વામ,
જગતવિકાશિની ભગવતી, ભરમભેદની નામ. ૫

(ઘત્તાછંદ)

નિપુણા નવનીતા વિતથવિતાતા, સુજસા ભવસાગરતરણી,
૧૦૮
નિગમા નિરબાની, દયાનિધાની, યહ સુબુદ્ધિદેવી બરણી. ૬
(બનારસી વિલાસ)

